@kkm1940 www.kkmtrust.org

કપડવણજ કેળવણી મંડળ

KAPADWANJ KELAVANI MANDAL

શિક્ષા • સંસ્કાર • સેવા • સહયોગ

સ્થાપના વર્ષ – ૧૯૪૦

Affordable Education For All

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળનું મુખપત્ર (ફક્ત અંગત વિતરણ હેતુ)

• સંપાદકઃ- ઋચા આચાર્ય, મનીષા પટેલ • સહ સંપાદકઃ- ઉત્પાબેન, ભાવિકાબેન • માર્ગદર્શકઃ- અનંતભાઈ શાહ • પ્રકાશકઃ- કપડવણજ કેળવણી મંડળ

ઈકો ક્લબની સ્થાપના

કપડવંજ કેળવણી મંડળની તમામ સંસ્થાઓમાં પર્યાવરણ જાગૃતિ અને જાળવણી / સંવર્ધન માટે "ઇકો ક્લબ"ની સ્થાપનાની નવી પહેલ





કપડવંજ કેળવણી મંડળ તથા મંડળ સંચાલિત તમામ સંસ્થાઓમાં ઈકો કલબની સ્થાપના કરી પર્યાવરણના સંવર્ધન ક્ષેત્રે એક નૂતન પહેલ કરવામાં આવી છે. મંડળ ખાતે આયોજિત કાર્યક્રમમાં અમદાવાદ નેચર લવર્સ એસોસિએશનના ટ્રસ્ટીશ્રી તથા પર્યાવરણવિદ શ્રી મધુ મેનન અને કપડવંજ રેન્જ ફોરેસ્ટ ઓફિસર શ્રી વિનલ પટેલ તથા કપડવંજ કેળવણી મંડળના હોદ્દેદારશ્રીઓ, વિવિધ સંસ્થાના આચાર્યશ્રીઓ સહિત તમામ શાળા - કોલેજના ઈકો કલબના નિમાયેલા કન્વીનરશ્રીઓ તથા ઈકો કલબના મેમ્બરની ઉપસ્થિતિમાં દીપ પ્રજ્વલન કરી આ ક્લબનું ઉદ્ઘાટન કર્યું. આ ગરિમામય પ્રસંગે કપડવંજ કેળવણી મંડળ દ્વારા ખાસ ડિઝાઇન કરેલ "ઇકો કલબ"ના લોગોનું અનાવરણ બંને મહેમાનોના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં કપડવંજ કેળવણી મંડળના મંત્રીશ્રીઓ અભિજીત જોશી, અનંત શાહ, ગોપાલ શાહ, ખજાનચી ગૌતમ પટેલ, સી.ઈ.ઓ. મૌલિક ભટ્ટ તથા સર્વે સંસ્થાઓના આચાર્યશ્રીઓએ ઉપસ્થિત રહી ઈકો કલબની સ્થાપના બદલ હર્ષ વ્યક્ત કર્યો. શ્રી અનંત શાહ દ્વારા ઈકો કલબની પૂર્વભૂમિકા રજુ કરાઇ, જ્યારે શ્રી વિનલ પટેલ અને શ્રી મધુ મેનન દ્વારા પર્યાવરણ સંરક્ષણ બાબતે વિશદ ચર્ચા અને પ્રશ્નોતરી દ્વારા સભાગૃહનું માર્ગદર્શન કરવામાં આવ્યું. શ્રી અનંત શાહ તથા ગોપાલ શાહ દ્વારા મહેમાનોને સ્મૃતિભેટ અર્પણ કરી સન્માન કરાયું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કપડવંજ કેળવણી મંડળ સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું તથા એન્કરીંગ સાયન્સ કોલેજના ડો. જગજીતસિંહ ચૌહાણે કર્યું.

" નારી તું નારાયણી "
આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી





કપડવંજ કેળવણી મંડળ સંચાલિત બાલમંદિર થી કોલેજની તમામ સંસ્થાઓના મહિલા શિક્ષકો દ્વારા તારીખ 11/3/2023 ને શનિવારના રોજ મહિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં તમામ સંસ્થાઓ માંથી 90 જેટલી બહેનોએ ભાગ લીધો હતો. દરેક સંસ્થામાંથી ડાન્સ, ડ્રામા, કવિતા ગાન તેમજ સોલો ડાન્સ જેવી કૃતિઓ શિક્ષકો દ્વારા પ્રસ્તુત કરવામાં આવી હતી. આ સાથે આખા વર્ષ દરમિયાન જે શિક્ષિકા બહેનોએ અન્ય કાર્યક્ષેત્રમાં સિદ્ધિ પ્રાપ્ત કરી હતી તેઓને ઇનામ આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. રમત ગમત ક્ષેત્રે બેડમિન્ટન સ્પર્ધામાં વિજેતા થનારને ઇનામ આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. તદુપરાંત ચાલુ વર્ષ દરમિયાન રિટાયર્ડ થનાર શિક્ષિકા બહેનોને પુષ્પગુચ્છ આપી તેમનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સામૂહિક મહિલા દિનની ઉજવણી કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી એમ.વી. પરીખ ઇંગ્લીશ મીડીયમ સ્કુલ નર્સરીના પ્રિન્સિપાલ તેમજ શિક્ષિકા બહેનો દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રોગ્રામના અંતે બહેનોએ સાથે મળી ગરબા તેમજ ડાન્સ કરી સૌનું મનોરંજન કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

શ્રી શંકરલાલ હરજીવનદાસ શાહ સાંસ્કૃત કેન્દ્ર રંગપૂરણી સ્પર્ધાના ઇનામ વિતરણનું આયોજન “





ક.કે.મંડળ સંચાલિત શ્રી શંકરલાલ હરજીવનદાસ શાહ સાંસ્કૃતિક કેન્દ્રે તા. 17/12/2022 ના રોજ રંગપૂરણી અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કર્યું હતું. જેમાં વિજેતા થેયલ વિધાર્થીઓના ઇનામ વિતરણનો કાર્યક્રમ શ્રી એસ. સી. દાણી શાળામાં તા.5-3-2023 ના રોજ યોજવામાં આવ્યો હતો. કપડવંજ કેળવણી મંડળના મંત્રીશ્રી અનંતભાઈ શાહ તેમજ મંડળના ઉપપ્રમુખ શ્રી નીલાબેને ઉપસ્થિત રહી બાળકોને ઇનામ આપી પ્રોત્સાહિત કર્યાં હતાં. જેમાં શ્રીમતી સી.ડી.ગાંધી શાળામાંથી પટેલ જલજ, મીસ્ત્રી પ્રિન્શી, કંસારા માહિ, પટેલ જીયા, કંસારા મીત, બાર્ભયા પ્રીત, મીસ્ત્રી રીતિકા,પટેલ ધ્યાની, શાહ ધૃતીએ ઇનામ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું હતું. શ્રી એસ.સી દાણી સ્કૂલમાંથી કૃતિકા જે પંડિત, સોલંકી આર્યા, પટેલ વૈદહીએ ઇનામ પ્રાપ્ત કરેલ છે. શ્રી એમ.વી. પરીખ ઇંગ્લીશ મીડીયમના બાળકો જેમાં Sr.kg. માં અભ્યાસ કરતા બિહોલા રુદ્રસિંહ અને પટેલ વંશીએ ઇનામ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું. જડાવબા શીશુકેન્દ્રમાં પટેલ વૃષ્ટિ, બારોટ ક્રેયાએ ઇનામ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું હતું. સ્પંદન બાલમંદિર તેમજ સી.એન. વિધાલયના બાળકોએ પણ ઇનામ મેળવ્યું હતું. તેઓને ઇનામ તથા સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ બાળકોએ ઝળહળતી જીત મેળવીને કપડવંજ કેળવણી મંડળ અને તેની તમામ શાળાઓને ગૌરવ અપાવ્યું હતું.

“ 3 થી 7 વર્ષના બાળકો માટે સમર કેમ્પનું આયોજન“







કપડવંજ કેળવણી મંડળ દ્વારા બાળકો માટે વેકેશન દરમિયાન 15 દિવસના સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાંથી 3 થી 7 વર્ષ સુધીના 41 બાળકોએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. જેમાં આર્ટ એન્ડ ક્રાફ્ટ, ડ્રોઈંગ અને ડાન્સ જેવી પ્રવૃત્તિઓ દ્વારા બાળકમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જેનું ઉદ્ઘાટન તા.15/4/2023 ના રોજ કપડવંજ કેળવણી મંડળના મંત્રીશ્રી અનંતભાઈ શાહ, મંત્રી શ્રી ગોપાલભાઈ શાહ, એકેડેમીક હેડ પૂજાબેન આચાર્ય અને ત્રણેય પ્રી- પ્રાઇમરીના આચાર્યશ્રીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. તા.30/4/2023 ના રોજ આ કેમ્પના છેલ્લા દિવસે બાળકો દ્વારા કરેલી પ્રવૃત્તિઓનું ગેલેરી વોક રાખવામાં આવ્યું હતું. સમર કેમ્પમાં ભાગ લેવા બદલ દરેક બાળકને પ્રમાણપત્ર આપી બાળકોને પ્રોત્સાહિત કર્યાં હતાં. આ સમર કેમ્પમાં પ્રી પ્રાઇમરી ના 6 ટીચર્સ દ્વારા પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. આ ઉપરાંત દરેક વાલીશ્રીએ સમર કેમ્પના ખૂબ જ સારા પ્રતિભાવ લેખિતમાં અને મૌખિકમાં આપ્યાં હતાં અને જણાવ્યું હતું કે દરેક વર્ષે સમર કેમ્પનું આયોજન કરશો. આ સમગ્ર કેમ્પનું આયોજન કપડવંજ કેળવણી મંડળના પ્રોગ્રામ ઓફિસર મનીષા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

શ્રીમતી સી.ડી.ગાંધી ઇંગ્લીશ મીડીમ સ્કૂલ

'વિઝન ફોર ઇન્ડિયા - 2047' સ્પર્ધામાં શાળાની વિધાર્થિની પ્રથમ






ભારતીય પોસ્ટ વિભાગ દ્વારા 'વિઝન ફોર ઇન્ડિયા 2047' પર ઢાઇ અક્ષર રાષ્ટ્રીય સ્તરની પત્ર લેખન સ્પર્ધાનું રાષ્ટ્રીય સ્તરે આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં શ્રીમતી સી. ડી. ગાંધી. ઇંગ્લિશ મીડીયમ સ્કુલની કુમારી કાજલ નરેશભાઇ વિધરાણી જે હાલમાં ધોરણ 11માં અભ્યાસ કરે છે તેણીની ગુજરાત સર્કલમાં 18 વર્ષની વય મર્યાદા એનવલપ કેટેગરીમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરી વિજેતા બનેલ હતી. તેને 25000 ની રોકડ રકમ તથા પ્રમાણપત્ર ખેડા જિલ્લાના પોસ્ટ ઓફિસના સુપ્રિટેન્ડન્ટ શ્રી .એચ. સી.પરમારના હસ્તે શ્રી શંકરલાલ એચ સાંસ્કૃતિક કેન્દ્ર, કે. કે. એમ. ખાતે તા. 15/3/2023 બુધવારના રોજ આપવામાં આવ્યું હતું. શાળા માટે આ ખૂબ જ ગૌરવની વાત છે. શાળાના આચાર્ય, શિક્ષકો તેમજ કે. કે. એમનાં તમામ મંત્રીશ્રીઓએ તેણીને આ સિદ્ધિ બદલ શુભેચ્છા પાઠવી હતી.

ગણિત અને વિજ્ઞાનમેળાનું આયોજન




ભારતના મહાન વૈજ્ઞાનિક ચંદ્રશેખર વેંકટરામનના સન્માન અને સ્મૃતિમાં દર વર્ષે 28 ફેબ્રુઆરીના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસે શ્રીમતી સી.ડી.ગાંધી શાળામાં ગણિત-વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાથમિક અને માધ્યમિક વિભાગના બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવાનો શાળા દ્વારા સુંદર પ્રયાસ હાથ ધરવામાં આવ્યો હતો. જેમાં શાળાના મહત્તમ વિધાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. દરેક બાળકોએ પોતાના ધોરણ પ્રમાણે સરસ કૃતિ રજૂ કરી હતી. તેમજ શાળાના આચાર્યશ્રી અને શિક્ષકમિત્રોએ પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપ્યું હતું.

અવનવી પ્રવૃતિ દ્વારા શિક્ષણ જ્ઞાન





તા. 11/3/2023ના શનિવારના રોજ સી.ડી.ગાંધી ઇંગ્લિશ મીડીયમ સ્કુલમાં ધોરણ 1 અને 2 ના વિધાર્થીઓ દ્વારા આપણા સેવકો, ઋતુઓ, દિશાઓ" ની સમજ પ્રવૃત્તિ દ્વારા કરાવવામાં આવી હતી. જેમાં બાળકો વિવિધ વ્યવસાયકારોના વેશમાં આવ્યાં હતાં. બાળકોને પ્રત્યક્ષ અનુભવ આપી પ્રવૃત્તિમય શિક્ષણ આપ્યું હતું. જેમાં મહત્તમ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

"સ્પેલબી કોમ્પિટિશન" નું આયોજન





તા.13/12/2022 ના રોજ શ્રીમતી સી.ડી. ગાંધી ઇંગ્લિશ મીડીયમ સ્કૂલમાં, ધોરણ 3 અને 4 માટે Spell Bee (English) Competition યોજવામાં આવી હતી. આ સ્પર્ધા મુખ્ય બે વિભાગમાં લેવામાં આવી હતી. જેનો પ્રથમ એટલે કે સીલેકશન રાઉન્ડ તા.7/12/2022 ના રોજ લેવાયેલ હતો અને તેમાંથી ઉતીર્ણ થયેલા વિધાર્થીઓ ફાઇનલ રાઉન્ડમાં પસંદગી પામ્યાં હતાં. ફાઇનલ રાઉન્ડમાં ચાર ટીમમાંથી સરદાર ટીમ વિજેતા બની હતી. આ સ્પર્ધાનો મુખ્ય હેતુ બાળકો પોતાના રોજિંદા વ્યવહારમાં શબ્દોના મહત્વને સમજે તથા શબ્દોના સાચા સ્પેલિંગ અને ઉચ્ચારનું અર્થઘટન કરે અને વ્યવહારમાં તેનો ઉપયોગ કરે તે સિદ્ધ કરવાનો હતો.

શ્રી સી.એન.વિધાલય

વાર્ષિક ઇનામ વિતરણ સમારોહ





તારીખ 02/03/2023 ને ગુરુવારે શ્રી સી. એન. વિધાલયમાં 'વાર્ષિક ઇનામ વિતરણ સમારોહ યોજાયો. જેમાં ગત વર્ષની વિવિધ વાર્ષિક અને બોર્ડની પરીક્ષાઓ, ચાલુ વર્ષની વિવિધ રમત ગમત અને સહભ્યાસીક પ્રવૃતિઓમાં ઉત્તીર્ણ થયેલ પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર પ્રાપ્ત કરનાર વિધાર્થીઓને ઇનામ અને પ્રમાણપત્રો આપી સન્માનિત કરાયાં હતાં. સાથે સવિતાગૌરી કે ત્રિવેદી સ્કોલરશીપ હેઠળ મળતી ઈનામી રકમો, માનનીયશ્રી ડૉ. ડી. ઓ. શાહ તરફથી મળતી ઈનામી રકમોનો પણ સમાવેશ આ ઇનામ વિતરણ સમારોહમાં કરાયો હતો. આ સમારોહમાં કપડવંજ શહેરના એ. સી. કોટન ઇન્ડસ્ટ્રીના પાર્ટનર અને કપડવંજ કપડવણજ કેળવણી મંડળના આજીવન સભ્ય શ્રી હેમલભાઈ શાહ, શ્રી સી.એન.વિધાલયના ભૂતપર્વ શિક્ષક શ્રી એન. સી. સોની સાહેબ, કે.કે.એમના ઉપપ્રમુખ શ્રીમતી નીલાબેન પંડ્યા, કે.કે.એમના મંત્રીશ્રીઓ અનંતભાઈ શાહ અને શ્રી ગોપાલભાઈ શાહ ઉપસ્થિત રહ્યાં હતાં. સમગ્ર સમારોહ શાળાના આચાર્ય શ્રી પી.બી.પટેલ સાહેબ અને શાળાના શિક્ષક મિત્રોના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

શ્રી એસ.સી.દાણી પ્રાયમરી / સેકન્ડરી એન્ડ હા.સેકન્ડરી સ્કૂલ

વિજ્ઞાનમેળો અને વેસ્ટમાંથી બેસ્ટ પ્રદર્શન





ભારતના મહાનવૈજ્ઞાનિક ચંદ્રશેખર વેંકટરામનના સન્માન અને સ્મૃતિમાં દરવર્ષે 28 ફેબ્રુઆરીએ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવવામાં આવે છે. શ્રી એસ. સી. દાણી સ્કૂલમાં તા.28/2/2023 મંગળવારના રોજ વિજ્ઞાનમેળો અને વેસ્ટમાંથી બેસ્ટ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું કપડવંજ કેળવણી મંડળના ઉપપ્રમુખ શ્રીમતી નીલાબેન પંડ્યા અને એજ્યુકેશન વિભાગના હેડ શ્રીમતી પૂજાબેન આચાર્યના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ધોરણ-1 અને 2 માં બાળકો દ્વારા વેસ્ટમાંથી બેસ્ટની કુલ 45 જેટલી કૃતિઓ મૂકવામાં આવી હતી. ધોરણ-3 અને 4 માં પર્યાવરણ આધારિત કૃતિઓ, માટીના રમકડા વગેરે જેવી કુલ 22 કૃતિઓ પ્રદર્શિત કરી હતી. ધોરણ-5 થી 8 માં કુલ 90 કૃતિઓ અને ધોરણ 9 અને 11 ની 16 કૃતિઓ અને ગણિતની 8 કૃતિઓ રજૂ કરાઇ હતી. વિજ્ઞાન મેળામાં અલગ અલગ પ્રકારના મોડલો જેમ કે પાણી પ્રદૂષિત થતા અટકાવવાના ઉપાયો, રોકેટ લોન્ચિંગ, માનવ શરીરની રચના, ચંદ્રની કળાઓ જુદી જુદી ઔષધીની ઓળખ અને તેની સમજ આપતા મોડલો પ્રદર્શિત કરવામાં આવ્યાં હતાં. વિધાર્થીઓએ બધા જ મોડલોની સવિસ્તર સમજ મુલાકાતીઓને આપી હતી.

ધુળેટી અને મહિલાદીનનો સમન્વય





કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી એસ. સી. દાણી સ્કુલમાં હોળી ધુળેટીની ઊજવણી કરવામાં આવી હતી. બાળકોને હોળી ધુળેટી કેમ ઉજવવામાં આવે છે ?તેનું મહત્વ શું છે ?તે વાર્તા દ્વારા સમજાવવામાં આવ્યું હતું. ત્યારબાદ બાળકો અને શિક્ષકો સાથે મળી રંગો લગાવી ધુળેટીની મજા માણી હતી. આ દિવસે શાળાની બહેનોએ સાથે બેસીને "ફાગણ ફોરમતો" નું ગીત ગાયું હતું. આ દિવસે મહિલાદીન હોવાથી ધો.૪ ની વિધાર્થિની આર્યુષીએ મહિલા દિનનું મહત્વ સમજાવાતું વક્તવ્ય આપ્યું હતું અને બહેનોએ સંગીત ખુરશી રમીને આનંદ માણ્યો હતો.

શ્રી માણેકલાલ દેસાઈ કિશોર મંદિર

મિત્રવર્તુળ સાથે જ્ઞાન અને આનંદ મેળવવાનું સુંદર આયોજન



શાળાનો પ્રવાસ એટલે નિયમાનુસાર અને શિસ્તબદ્ધ રીતે આનંદ પ્રાપ્ત કરવાની મુસાફરી. વિધાર્થીઓ પોતાના મિત્રવર્તુળ સાથે પ્રવાસ કરે, જ્ઞાન મેળવે અને આયોજન પ્રમાણે કાર્ય કરવાની ક્ષમતા કેળવે એ હેતુસર પ્રવાસનું આયોજન કરવામાં આવે છે. તારીખ 21/2/23 ના રોજ ધોરણ 6-7 ના કુલ 96 વિધાર્થીઓ અને 8 શિક્ષકો 2 ગુજરાત એસ. ટી. બસ દ્વારા અડાલજની વાવ, વૈષ્ણવદેવી મંદિર, સાયન્સ સીટી અને અક્ષરધામના વોટર શૉ ના પ્રવાસે ગયાં હતાં. ત્યાં દરેક પર્યટક સ્થળે ખૂબ જ મજા માણી હતી. વિજ્ઞાનની જાણકારી અને પ્રાચીન ઐતિહાસિક સ્થળ વગેરે જોઈ અનહદ આનંદ પ્રાપ્ત કરી પરત ફર્યા હતાં. બીજા દિવસે વિધાર્થીઓએ પ્રાર્થના સમય દરમિયાન પોતાના પ્રવાસના અનુભવો રજૂ કર્યાં હતાં. આ પ્રવાસ પોતાનો યાદગાર પ્રવાસ રહેશે તેવી રજૂઆત કરી હતી.

શ્રી એમ.વી.પરીખ ઇંગ્લીશ મીડીયમ સ્કૂલ (નર્સરી)

શાળાના બાળકોના જન્મદિનની ભવ્ય ઊજવણી





કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી એમ.વી. પરીખ ઇંગ્લિશ મીડીયમ સ્કુલમાં તા.3/3/23 ને શુક્રવારના રોજ સમગ્ર બાળકોના જન્મ દિવસની ઉજવણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના બાળકો દ્વારા ડાન્સ પરફોર્મન્સ રાખવામાં આવ્યાં હતાં. તેમજ દરેક વાલીઓનો ડ્રેસ કોડ પણ રાખવામાં આવ્યો હતો. સાથે કોરોના કાળ દરમિયાન લોકડાઉનના લીધે બાકી રહેલ શિક્ષક અવૉર્ડનું વિતરણ પણ આ કાર્યક્રમમાં રાખવામાં આવ્યું હતું.

શ્રી સ્પંદન બાલમંદિર

બાળકો માટે કાંકરિયા પ્રવાસનું આયોજન





કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી સ્પંદન બાલમંદિરનાં બાળકો માટે તા -19-3-2023 ને રવિવારના રોજ કાંકરિયાનાં પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં બાળકોને kids City ની પ્રવૃત્તિઓ જેવી કે ફાયર સ્ટેશનમાં આગ બુઝાવવાની, 108 એમ્બ્યુલન્સ સેવાની,બીઆરટીએસ બસ સેવા, થિયેટર વગેરે જેવી પ્રવૃત્તિઓમાં સ્વયં ભાગ લઈ જ્ઞાન સાથે ગમ્મત મેળવીઅને પ્રાણી સંગ્રહાલયની મુલાકાત કરાવી સાથે અટલ એક્સપ્રેસ ટ્રેન તેમજ જલ પરી બસમાં બેસાડી કાંકરિયાની સહેલ કરાવી હતી.

શ્રી જડાવબા શિશુકેન્દ્ર

વાત્સલ્ય મિલનનું આયોજન





શ્રી જડાવબા શિશુકેન્દ્રમાં તારીખ -2/ 3/2023 ને ગુરૂવારના રોજ વાત્સલ્ય મિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. વાલીશ્રીઓનું પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું. વાત્સલ્ય મિલનમાં શિક્ષિકાબહેનો અને વાલીશ્રીઓએ સાથે મળીને બાળકોના વિકાસ અને સ્કૂલમાં થતી પ્રવૃત્તિઓની ચર્ચા કરી હતી. આ વાત્સલ્ય મિલનમાં વાલીશ્રીઓમાં ખૂબ જ ઉત્સાહ જોવા મળ્યો હતો.

પ્રી પ્રાયમરી વિભાગ - હોળી ધુળેટીની ઉજવણી








કપડવંજ કેળવણી મંડળ સંચાલિત ત્રણેય પ્રી પ્રાયમરીમાં હોળી ધુળેટીના તહેવારની ઉજવણી કરવામાં આવી હતી. બાળકોમાં તહેવાર પ્રત્યે પ્રેમ અને એકબીજા સાથે હળી મળી આનંદથી રહે તેવી ભાવના પ્રગટ થાય તે હેતુથી બાલમંદિર વિભાગોમાં હોળી ધુળેટીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકોને હોળીના ગીતો ગવડાવવામાં આવ્યાં હતાં, રંગબેરંગી ગુલાલ લગાવવામાં આવ્યો હતો. આમ હોળીના તહેવારનું મહત્વ સમજાવી હોળી ધુળેટીનો તહેવાર ઉજવવામાં આવ્યો હતો.